# :: જા હે રા ત ::

સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે ટુંક સમયમાં શરૂ થનાર ૩૪મો લેબોરેટરી તથા એકસ–રે ટેકનીશયન એક વર્ષના તાલીમી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે **તા.૨૭/૦૯/૨૦૨૧ થી તા.૦૬/૧૦/૨૦૨૧** સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં કચેરી સમય દરમિયાન નીચે દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત તથા યોગ્યતા ધરાવનાર ઉમેદવારો પાસેથી નિયત નમુનામા અરજીઓ મંગાવવામાં આવે છે.

પ્રવેશ મેરીટના આધારે આપવામા આવશે.

(૧) **શૈક્ષણિક લાયકાતઃ–**

**(અ) લેબોરેટરી ટેકનીશીયન માટેઃ–** બી. એસ. સી. કેમેસ્ટ્રી, બાયોકેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી વિષયના ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. આ સીવાયના વિજ્ઞાનના વિષયોમાં બી.એસ.સી. કરેલ વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકશે.

**(બ) એકસ–રે ટેકનીશીયન માટેઃ–** માન્ય યુનિવર્સીટીની બી.એસ.સી. પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. (ફીજીકસ વિષયના ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.)

(૨) **ઉંમર :–** જાહેરાતની તારીખના રોજ ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જરૂરી છે.

(એસ.ટી./એસ.સી./ઓ.બી.સી.) અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ કુલ બેઠકોમાંથી અનામત કક્ષામાં આવતી કેટેગરીમાં આવતાં ઉમેદવારો તથા વિકલાંગો માટે નિયમાનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે.

પસંદગી પામેલ ઉમેદવારને અત્રેની કોલેજમાં તાલીમ આપતા વિભાગોમાં પુરા સમય માટે તાલીમ લેવાની રહેશે. તાલીમાર્થીને રહેઠાણની સુવિધા આપવામાં આવશે નહી. તાલીમનો સમય પુરો થશે એટલે નિયમ મુજબ પરીક્ષા પાસ કરવાની રહેશે.

પ્રવેશ માટેનું ફોર્મ http://gmcbhavnagar.edu.in/ પર થી ડાઉનલોડ કરી તમામ જરૂરી પ્રમાણપત્રો સાથે ફોર્મ ભરી સરકારી કામકાજના દિવસો દરમ્યાન ઈચ્છુક ઉમેદવારે પોતાનું અરજી ફોર્મ નિયત તારીખ સુધીમાં આ કચેરીમા રૂબરૂમા જ સ્વીકારવામાં આવશે. પોસ્ટ/કુરીયર થી ફોર્મ સ્વીકારવામા આવશે નહી. અધુરી વિગતોવાળી તેમજ મોડી આવનાર અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. ઉપરોકત અરજી ફોર્મ સાથે ઓનલાઈન ગુગલફોર્મ ફરજીયાત ભરવાનું રહેશે જેની લીંક ઉપરોકત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

સરકારશ્રીના વખતોવખતના ઠરાવમાં થયેલ સુધારા વધારા દરેક ઉમેદવારને બંધનકર્તા રહેશે.

ડીન,<br>
સરકારી મેડીકલ કોલેજ,<br>
ભાવનગર.